# અધ્યયન નિષ્પત્તિ (પ્રથમ સત્ર)

## ધોરણ : 5 વિષય : પર્યાવરણ

| એકમ | નિષ્પત્તિ ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|---|
| 1. મજાની ઈન્દ્રીઓ | EV501 | પ્રાણીઓની વિશિષ્ટ શક્તિઓ, અસામાન્ય લક્ષણો (દ્રષ્ટી, ગંધ,શ્રવણ, ઊંઘ, અવાજ વગેરે) અને તેમના પ્રકાશ, ધ્વનિ અને પ્રતિચારોને વર્ણવે છે. |
| 1. મજાની ઈન્દ્રીઓ<br>6. જળ એજ જીવન<br>9. ચઢીએ ઊંચા ચઢાણ! | EV511 | સ્થાનિક સામગ્રી, બિન ઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરીને પોસ્ટર, ડીઝાઇન, મોડેલ્સ,સ્થાનિક વાનગીઓ, ચિત્રો તેમજ આસપાસમાં કે મુલાકાત લીધેલ સ્થળોના નકશા બનાવે છે. |
| 2. સાપ અને મદારી<br>5. બીજ, બીજ, બીજ | EV503 | પ્રાણીઓ, વનસ્પતિઓ અને મનુષ્યના પરસ્પરાવલંબન સંબંધો વર્ણવે છે. (જેમકે લોકો દ્વારા જીવનનિર્વાહ માટે પશુપાલન કરવું કે પ્રાણીઓ-પક્ષીઓ દ્વારા વનસ્પતિના બીજનો ફેલાવો થવો. |
| 3. સ્વાદથી પાચન સુધી<br>4. કેરીઓ બારેમાસ!<br>6. જળ એજ જીવન | EV502 | રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (ખોરાક, પાણી, વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેમાં ટેકનોલોજીના ઉપયોગો સમજાવે છે.(ઉ.દા. - ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોચવાની પ્રક્રિયા, અનાજમાંથી રોટલી બનાવવાની પ્રક્રિયા, અનાજ જાળવણીની તકનિકો,જળસ્રોતમાં પાણી સંગ્રહની રીતો) |
| 4. કેરીઓ બારેમાસ !<br>5.બીજ,બીજ,બીજ<br>7. પાણી સાથેના પ્રયોગ<br>11. સુનીતા અવકાશમાં | EV509 | અવલોકનો, અનુભવો, માહિતીઓ (જેમ કે કોષ્ટકો, ચિત્રો, સ્તંભ આલેખ, પાઈચાર્ટના સ્વરૂપમાં) ની વ્યવસ્થિત નોંધ કરે છે અને તેના આધારે ઘટનાઓ કે પ્રવૃત્તિઓની તરાહો (ઉદા. તરવું, ડુબવું, મિશ્રણ, બાષ્પીભવન, અંકુરણ, બગાડ) ના કાર્યકારણ સંબંધો સ્થાપિત કરે છે. |
| 5. બીજ, બીજ, બીજ | EV506 | આકાર, સ્વાદ, રંગ, રચના, ધ્વનિ, ખાસિયતો વગેરે ગુણધર્મોને આધારે પદાર્થ કે સામગ્રીનું વર્ગીકરણ કરે છે. |
| 6. જળ એજ જીવન | EV504 | રોજિંદા જીવનમાં વિવિધ સંસ્થાઓની ભૂમિકા અને કાર્યો સમજાવે છે. (ઉ.દા. બેંક, પંચાયત, સહકારી સંસ્થાઓ, પોલીસ સ્ટેશન વગેરે) |
| 7. પાણી સાથેના પ્રયોગ<br>11. સુનીતા અવકાશમાં | EV508 | કોઈ ઘટના અંગેની પરિસ્થિતિઓ, ગુણધર્મો અંગે અનુમાન કરે છે અવકાશી જથ્થો અને સમય અંગે સાદા અને પ્રમાણભૂત એકમોમાં અંદાજ કાઢે છે. સાદા સાધનોનો ઉપયોગ કરીને ચકાસણી કરે છે. |
| 8. મચ્છર: રોગો અને સારવાર<br>3. સ્વાદથી પાચન સુધી | EV513 | સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ / કટોકટીની સ્થિતિ અને સંસાધનોની જાળવણી / બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે. |
| 9. ચઢીએ ઊંચા ચઢાણ! | EV505 | ભૂમિ પ્રદેશો, આબોહવા, સંસાધનો (ખોરાક, પાણી, રહેઠાણ,આજીવિકા) અને સંસ્કૃતિક જીવન વચ્ચે જોડાણ સાધે છે. મુશ્કેલભર્યા અને દુર્ગમ વિસ્તારોમાં લોકોનું જીવન જેવા કે ગરમ અને ઠંડા રણપ્રદેશો) |
| 6. જળ એજ જીવન<br>10. દીવાલોની કહાણી | EV507 | સિક્કાઓ,ચિત્રો,સ્મારકો,સંગ્રહાલયો વગેરે તેમજ વડીલો સાથેના સંવાદથી રીત રિવાજો, ટેવો અને પરંપરામાં આવેલ પરિવર્તનનું અનુમાન કરે છે. (ખેતી, સરક્ષણ, તહેવારો, પોશાક, પરિવહન, સાધન સામગ્રી, વ્યવસાય, રહેઠાણ, રાંધવાની અને આહારની રીત, કાર્ય પદ્ધતિ) |
| 10. દીવાલોની કહાણી | EV510 | નકશામાં દર્શાવેલ ચિહ્નો, દિશાઓ,વસ્તુની સ્થિતિ કે દર્શાવેલ સ્થળ, મુલાકાત લીધેલ સ્થળોને નકશામાં ઓળખે છે તેમજ જુદા જુદા સ્થળોએથી અન્ય સ્થળની દિશાઓનું અનુમાન કરે છે. |